ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોને જિલ્લામાં રૂ. ૩,૫૮,૬૩,૫૭૦ની શિષ્યવૃત્તિ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં અસ્વચ્છ વ્યવસ્યામાં રોકાયેલા વાલીઓના બાળકોને શિષ્યવૃત્તિ અંગે કોંગીના બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૨-૧૩માં૯૬૪૫ અને ૨૦૧૩-૧૪ માં૯૭૫૧ બાળકોએ મળી બે વર્ષમાં ૧૯,૩૯૬ બાળકોએ આ શિષ્યવૃત્તિ માટે અરજી કરી હતી. જે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

તેમણે જણાવ્યું છે કે આ બાળકોને રૂ. ૩,૫૮,૬૩,૫૭૦ ની રકમ શિષ્યવૃત્તિ પેટે ચુકવવામાં આવી છે. ગાંધીનગર તાલુકામાં આવા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૩૬૮ છે. જેમને ૧,૧૭,૮૪,૨૫૫ રૂ.ની માણસામાં ૨૫૫૬ બાળકોને રૂ. ૪૭,૧૯,૭૫૦ની કલોલમાં ૮૧૧૪ બાળકોને રૂ. ૧,૫૦,૦૩,૩૧૫ ની તથા દહેગામના ૨૩૫૮ બાળકોને રૂ. ૪૩,૫૬,૨૫૦ની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી છે.

● **માણસામાં ન્યાયિક અધિકારીઓના આવાસ**

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં માણસા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે આવાસોના બાંધકામ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ન્યાયમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૩-૧૪માં આ અંગેની મંજૂરી આપવામાં આવી છે.

આ મંજૂરી રૂ. ૯૩,૮૧,૦૦૦ ની છે અને આવાસ નિર્માણની કામગીરી હાલ પ્રગતિમાં છે. તે ઝડપથી પૂર્ણ થઈ જશે તેમ પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● **કુંવરબાઈનું મામેરૂ હેઠળ સહાય**

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ સહાય મેળવવા મળી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીના મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે ૩૨૨ અરજીઓ મળી હતી.

આ અરજીઓ પૈકી ૨૯૬ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને ૨૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી હોવાનું પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

મંત્રીશ્રી રમણલાલ વોરાએ અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે મંજૂર થયેલ અરજીઓમાં સહાય પેટે રૂ. ૨૯.૫૫ લાખ ચુકવવામાં આવ્યા છે.

**કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ૨૯૬ અરજીઓ મંજૂર કરી રૂ. ૨૯.૫૫ લાખની સહાય ચુકવાઈ છે : વોરા**

● **પ્રિ-મેટ્રીક અને પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ**

કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૫-૧૪ની સ્થિતિએ લઘુમતિઓને પ્રિ.મેટ્રીક અને પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિમાં કેન્દ્રનો પાળો ૭૫ ટકા અને રાજ્યનો ફાળો ૨૫ ટકા હોય છે. પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિમાં કેન્દ્રનો ફાળો ૧૦૦ ટકા હોય છે.

ગાંધીનગર જિલ્લામાં ૩૪૯૮ વિદ્યાર્થીઓને આ પ્રકારની શિષ્યવૃત્તિ પેટે રૂ. ૮૯,૮૫,૪૬૫ ની રકમ ચુકવવામાં આવી છે. જેમાં માણસા તાલુકાનાં ૮૮ વિદ્યાર્થી, દહેગામના ૫૭૫ વિદ્યાર્થી, કલોલના ૨૦૬૫ વિદ્યાર્થી અને ગાંધીનગરના ૭૭૦ વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.

● **વિકસતી જાતિના બાળકોને શિષ્યવૃત્તિ**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૩-૧૪ માં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ચુકવવામાં આવેલ પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે ૧,૪૪,૯૦૮ વિદ્યાર્થીઓએ આ શિષ્યવૃત્તિ માટે અરજીઓ કરી હતી.

આ વિદ્યાર્થીઓને રૂ. ૪૪૯.૧૧ લાખની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી હોવાનું પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે એક પણ વિદ્યાર્થીની અરજી નામંજૂર કરવામાં આવી નથી.

● **સાત-ફેરા સમુહલગ્નની સહાય**

ગાંધીનગર (દ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૩-૧૪ માં સાત ફેરા સમુહલગ્ન યોજના હેઠળ સહાય માટે મળેલ અરજીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩ સંસ્થાઓએ ૧૨૩ યુગલોના લગ્ન માટે આ સહાયની અરજી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-માર્ગ પર એસ.ટી. બસની બ્રેક ફેઈલ થતા ડીવાઈડર પર ચડી ગઈ



## પહેલા જ વરસાદમાં ગાડીઓની બ્રેક ફેઈલ થઈ જવાથી અકસ્માતના વિવિધ ત્રણ કિસ્સા બન્યા : સદ્દભાગ્યે કોઈ જાનહાની નહિ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર શહેરમાં ગઈ રાત્રે પડેલા પહેલા વરસાદ બાદ આજે સવારના અરસામાં ગાડીઓની બ્રેક અચાનક ફેઈલ થઈ જવાથી અકસ્માત સર્જાયાના ત્રણ વિવિધ કિસ્સાઓ બન્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. ઘ-માર્ગ પર સે-૨૩ કડી સ્કુલ નજીક એક એસટી બસની બ્રેક ફેઈલ થતા ડીવાઈડર પર ચડી ગઈ હતી. તે ઉપરાંત સે-૧૭/૨૨ પાસે અને ખ-માર્ગ પર પણ કારના અકસ્માત બ્રેક ફેઈલ થવાથી થયો હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે સદ્દભાગ્યે અકસ્માતોમાં કોઈ જાનહાની થવા પામી નથી.

અચાનક બ્રેક ફેઈલ થઈ જવાથી સર્જાયેલા વિવિધ ત્રણ માર્ગ અકસ્માતો પૈકી એક અકસ્માત ઘ-૬ સર્કલ નજીક કડી સ્કુલ સામે સર્જાયો હતો. એસટી બસની અચાનક બ્રેક ફેઈલ થઈ જતા તેમાં સવાર પંદરેક મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. બસ રોડની બાજુમાં ડીવાઈડર પર ચડી ગઈ હતી અને પલટી ખાતા રહી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થઈ નથી. તો બીજી તરફ સે-૧૭/૨૨ નજીક રસ્તા પર અને ખ-માર્ગ પર પણ આ જ પ્રકારે અચાનક બ્રેક ફેઈલ થઈ જતા ગાડીઓના અકસ્માત થયા હતા. જો કે આ બંને અકસ્માતોમાં પણ કોઈને ઈજા થઈ નથી.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરની જાણીતી ડેરી ગોપાલ ડેરી સે. ૨૧ના શ્રી લક્ષ્મણભાઈ દેસાઈનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- પાક-વીમા અંગે આજે ખેડૂતોને આઈ. પોર્ટલ પર વિશેષ માર્ગદર્શન અને તાલિમ આપવામાં આવી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકાને તેજસ્વી છાત્રોના સન્માન માટેના યોજાયેલા કાર્યક્રમ માટે મોળો પ્રતિસાદ સાંપડ્યો હોવાથી તેને લઈ ચર્ચાઓ શરૂ થઈ છે.
- આજે ગાંધીનગરમાં યોજાયેલ કલેકટર કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે અધિકારીઓને પ્રજાના પ્રશ્નો માટે ગ્રામ્ય વિસ્તારમાં વધુ મુલાકાતો લેવી જોઈએ તેવો ખાસ ભાર મુક્યો હતો.
- ગાંધીનગર શહેરમાં મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં સ્વચ્છતા અભિયાન વધુ સઘન બનાવવામાં આવશે.

# સરકારી લેણાંની વસુલાતમાં અધિકારીઓ ઉદાસીનતા ખંખેરે : કલેક્ટર રવિશંકર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં સરકારી લેણાંની વસુલાતમાં તંત્રને ઉદાસીનતા છોડી લક્ષ્યાંક મુજબની કામગીરી પર ધ્યાન કેન્દ્રીત કરવાની ટકોર નવનિયુક્ત જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે કરી છે.

જિલ્લાના મહેસુલી અધિકારીઓ સાથે પ્રથમ બેઠક દરમ્યાન જ તેમણે અધિકારીઓને સરકારી વસુલાત પર ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યું છે. તેમણે જણાવ્યું છે કે તંત્ર પ્રજાભિમુખ વધુ બને તે જરૂરી છે.

તેમણે એવી પણ ટકોર કરી હતી કે ઈન્દિરા ગાંધી ઓલ્ડ એજ પેન્શનની સ્કીમમાં અરજીઓ મંજૂર થઈ ગઈ એટલું પુરતુ નથી પરંતુ આ અરજદારોના બેંક એકાઉન્ટ ખોલવા તેમજ આધારકાર્ડના પુરાવા મેળવવા સહિતની જવાબદારી તંત્રએ નિભાવવી જોઈએ.

તેમણે જિલ્લામાં ફાઈલોના વર્ગીકરણ માટે જે ગતિ આવી હતી તેમાં આવેલી ઉદાસીનતા અંગે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે એક માસમાં જ એક હજાર જેટલી ફાઈલોનું વર્ગીકરણ કર્યા વિના રહી છે તે સારી બાબત લેખી શકાય નહિ.

જિલ્લા કલેક્ટરશ્રીએ તુમાર નિકાલ તેમજ નોંધોના નિકાલ માટે પણ કામગીરીને અસરકારક બનાવવા પર ભાર મુક્યો હતો. વારસાઈ એન્ટ્રીના જે ૯૦૦ જેટલા કેસો પડતર છે તેનો નિકાલ પણ ઝડપથી થાય તે જોવા આગ્રહ કર્યો હતો.

જમીન રિસર્વેની કામગીરી માટે પણ તેમણે તંત્રના અધિકારીઓને સુયોગ્ય સંકલન સાથે આગળ વધવા માટે તાકીદ કરી હતી.

# કર્મચારીઓની ગાંધીગીરી

## ધારાસભ્યો-મંત્રીઓને ગુલાબનુ ફૂલ આપી વાયદા યાદ કરાવ્યા : પડતર પ્રશ્નોની ચર્ચા અંગે આજે સામાન્ય વહીવટ વિભાગના સચિવ સાથે બેઠક

ગાંધીનગર, તા. ૧૭

કર્મચારીઓએ આજે તેમના પડતર પ્રશ્નોના નિકાલની માંગણી સંદર્ભે કાળી પટ્ટી ધારણ કરી વિધાનસભામાં ગુલાબનું ફૂલ આપી અનોખી ગાંધીગીરી દાખવી હતી. આ તબક્કે કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવાની સત્તા ધરાવતા અધિકારીઓ સાથે બેઠક યોજવા જણાવાયું હતું. જેના પગલે તા. ૧૮ જુલાઈના રોજ સાંજે ૪ કલાકે સામાન્ય વહીવટ વિભાગના સચિવ સાથે કર્મચારીઓની એક બેઠક યોજવામાં આવનાર છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલની પ્રબળ માંગ સાથે કર્મચારી સંગઠનો લડાયક મુડમાં છે. રાજ્ય કર્મચારી સંકલન સમિતિ અને સચિવાલય પરિવારે આજે કાળી પટ્ટી ધારણ કરી સરકારને વાયદા યાદ કરાવ્યા હતા. કર્મચારીઓએ પડતર પ્રશ્નો બાબતે વિધાનસભામાં મંત્રીઓ અને

● અનુસંધાન પાન-૭ પર

# હવે રોપાઓનું ઓનલાઈન વિતરણ

## કોઈપણ નાગરિક પસંદગીના રોપાઓ મંગાવી ઘરે બેઠા પ્લાન્ટીંગ પણ કરાવી શકશે : ઓગષ્ટમાં શહેરી વિસ્તારમાં અમલ થશે

ગાંધીનગર, તા. ૧૭

ચોમાસા દરમિયાન શહેરી વિસ્તારમાં મહત્તમ વૃક્ષોનું વાવેતર થાય તે માટે વન વિભાગ દ્વારા આગામી ઓગષ્ટ અને સપ્ટેમ્બર મહીનામાં નવો કન્સેપ્ટ અમલી બનાવાશે. રાજ્યની વિવિધ ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ રોપાઓનુ ઓનલાઈન વિતરણ કરવામાં આવશે. જ્યારે આ માટે ઓનલાઈન પેમેન્ટ કરી રોપા ઘરે સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ થશે. ઓનલાઈન પ્લાન્ટ વિતરણના નવતર અભિગમ અન્વયે પ્લાન્ટીંગની સુવિધા પણ પુરી પાડવામાં આવશે.

ચોમાસાની મોડી અને મંદ શરૂઆતના લીધે આ વખતે પ્લાન્ટેશનની કામગીરીમાં પણ વિલંબ થયો છે. હરિયાળા ગાંધીનગરમાં પણ રોપાઓનું વાવેતર હાથ ધરવા વન તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. સેક્ટરોમાં પણ પ્લાન્ટેશન સંદર્ભે યોગ્ય જગ્યા સંદર્ભે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. બીજીતરફ રોપાઓના વિતરણ અને પ્લાન્ટીંગને અનુલક્ષી વનવિભાગ દ્વારા ટુંક સમયમાં નવતર કન્સેપ્ટ અમલમાં મુકવામાં આવશે. જેના અનુસંધાને આમ નાગરિકોને ઓનલાઈન પ્લાન્ટનું વિતરણ થઈ શકશે. ઓનલાઈન સુવિધા અન્વયે હવે નર્સરીમાં કેવા પ્રકારના કેટલા પ્લાન્ટ ઉપલબ્ધ છે તે અંગેની માહિતી પણ મળી શકશે. જ્યારે ઓનલાઈન પ્લાન્ટ મેળવવા ઈચ્છતા નાગરિકો પેમેન્ટના ઓપ્શનની સુવિધાનો ઉપયોગ કરી ઘરે બેઠા પસંદગીના રોપાઓ મેળવી શકશે.

સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યના ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં આ સુવિધા ઉપલબ્ધ થશે. આ યોજના અન્વયે મહત્તમ પ્લાન્ટેશન થાય તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. વધુમાં પ્લાન્ટેશન માટે જરૂરી ચાર્જ વસુલી પ્લાન્ટીંગ કરી આપવાની સુવિધા પણ પુરી પાડવામાં આવશે. આમ આ યોજના સંદર્ભે વનવિભાગ દ્વારા નર્સરીના રોપાઓ સહીતની વિવિધ માહિતી અપલોડ કરવામાં આવી રહી છે. આગામી ઓગષ્ટ અને સપ્ટેમ્બરમાં આ યોજનાનો અમલ થશે. જેના પરિણામે ગાંધીનગરના નાગરિકો પણ ઘરે બેઠા પસંદગીના રોપા મેળવી પ્લાન્ટીંગ કરાવી શકશે.

## બેસણું



અમારા ભાઈશ્રી **દેસાઈ લક્ષ્મણભાઈ ગોવાભાઈ** (પીંઢારપુરા) (હાલ ગાંધીનગર)નું તા. ૧૬/૭/૨૦૧૪ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું તા. ૧૯/૭/૨૦૧૪ને શનિવારના રોજ સવારના ૮-૦૦ થી ૧૧-૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : દિગંબર જૈન વાડી, નવા MLA ક્વૉટર્સની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર

લિ.

**દેસાઈ વાઘજીભાઈ ગોવાભાઈ** — **દેસાઈ દિનેશભાઈ લક્ષ્મણભાઈ**
**દેસાઈ રમેશભાઈ લક્ષ્મણભાઈ** — **દેસાઈ બળદેવભાઈ લક્ષ્મણભાઈ**

**ફર્મ : ગોપાલકૃષ્ણ ડેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર.**
**મો. ૯૯૭૪૩ ૩૮૭૫૦, ૯૯૨૪૦ ૨૧૨૪૯**

## બેસણું



શ્રીમતી ઉમાબેન અને શ્રી કંદર્પભાઈ પાઠકના સુપુત્ર તથા સ્વ. સરસ્વતીબેન અને સ્વ. લાભશંકર પાઠકના પૌત્ર તથા શ્રીમતી ચંદ્રિકાબેન અને શ્રી હરિકૃષ્ણભાઈ પાઠકના દોહિત્ર **હરિકેત પાઠક**નું આકસ્મિક અવસાન તા. ૧૪/૭/૧૪ને સોમવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું અને મૌન પ્રાર્થના સભા તા. ૧૮/૭/૧૪ને શુક્રવારના રોજ સાંજે ૪-૦૦ થી ૭-૦૦** કલાકે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૪૨/૧, સેક્ટર-૨એ, સ્વામિનારાયણ મંદિર પાસે, ગાંધીનગર

લિ.

**ઉમાબેન કંદર્પભાઈ પાઠક** — **કંદર્પભાઈ લાભશંકરભાઈ પાઠક**
**ચંદ્રિકાબેન હરિકૃષ્ણભાઈ પાઠક** — **હરિકૃષ્ણભાઈ રામચંદ્ર પાઠક**


## જોઈએ છે

ગુજરાત બાયોટેકનોલોજી મિશન સહાયીત બાયો એ કોમ પ્રદર્શન માટે તેમજ શાળાઓમાં જઈને પ્રવૃત્તિઓ કરાવી શકે તેવા B.Sc./M.Sc. ઉમેદવાર, બાયોડેટા સાથે તા. ૨૦/૭/૨૦૧૪ સવારે ૯-૦૦ કલાકે રૂબરૂ મળવું.

**પગાર ફીક્સ : રૂ. ૫૦૦૦/-**

**સ્થળ : નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર**

બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, લગ્નવાડી પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર

**(મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫, ૯૪૨૬૪ ૫૧૧૦૨**


# સચિવાલય સંકુલની ટેલિફોન સેવાઓના સુદ્રઢીકરણ માટે ૨૦ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧૭

સચિવાલય સંકુલની ટેલિફોન સેવાઓને આધુનિક કરવાની સાથે સુદ્રઢીકરણ માટે ૨૦ કરોડથી વધુ રકમનો ખર્ચ આ વર્ષે કરવામાં આવશે.

વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સચિવાલયના સંકલિત સંદેશા વ્યવહાર માળખા માટે નવા ઈપીએ બીએક્ષ પદ્ધતિ અને અતિ આધુનિક સલામતી અને પ્રમાણસરની વિશેષતા સંપન્ન એકીકૃત જોડાણ સાથેના સંદેશા વ્યવહાર માળખાને શરૂ કરવામાં આવનાર છે.

રાજ્ય સરકારે સંદેશા વ્યવહારના આધુનિકરણ પર વિશેષ ભાર મુક્યો છે. હાલના સચિવાલયના ટેલિફોન વ્યવસ્થા અંગેની ફરિયાદો વધી છે તેમજ તેનુ મેઈનટેઈન્સ પણ જે રીતે થવું જોઈએ તે રીતે થતુ નથી.

રાજ્યસરકારે ૧૯૯૫ માંભારત સંચાર નિગમની સેવાઓને બદલે પોતાની સેવાઓ અલગથી શરૂ કરી હતી.

લોકલ એરિયા નેટવર્ક અને વાઈડ એરિયા નેટવર્ક દ્વારા ગાંધીનગર શહેરની સરકારી કચેરીઓમાં સંદેશા વ્યવહારની પદ્ધતિ વિકસાવી ભારત સંચાર નિગમના મોટા બિલોની ચુકવણીમાંથી રાહત મેળવી હતી.

રાજ્યસરકાર હવે આ નેટવર્કને જ અતિ આધુનિક બનાવવા માટે કટિબદ્ધ બની છે. આ નવી સંદેશા વ્યવહાર નીતિ અંગેની દરખાસ્તને આખરી ઓપ પણ અપાઈ ચુક્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. રૂ. ૨૦ કરોડથી વધુના ખર્ચ સાથે આ નેટવર્કના સુદ્રઢીકરણનો નિર્ણય પણ લગભગ લેવાઈ ચુક્યો છે.

જી-સ્વાનની કનેક્ટીવીટીના જે પ્રશ્નો છે તેને પણ આ નવી વ્યવસ્થામાં મુક્તિ મળશે એટલુ જ નહિ હવે વિડીયોફોન પણ કદાચ સચિવાલયમાં ફાળવવામાં આવશે જેથી મંત્રી અને અધિકારીઓ ઓફિસમાં જ સીધી વાતચીત કરી શકશે.

# ઘ-૩ સર્કલે સૂત્રોચ્ચાર કરી રહેલ ૪૦ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત

## સૌરભ પટેલના પૂતળા દહનની તૈયારી સાથે આવેલ કાર્યકરોને પોલીસે અટકાવ્યા





ગાંધીનગર,તા.૧૭

વિધાનસભામાં શંકરસિંહ વાઘેલા અને સૌરભ પટેલ બે દિગ્ગજ નેતાઓ વચ્ચે શાબ્દિક ચકમક ઝર્યા બાદ સૌરભ પટેલે કરેલા અપમાન બદલ માફી માંગવાના મુદ્દે આજે કોંગી આગેવાનો-કાર્યકરોએ સૌરભ પટેલના પુતળાનું દહન કરવાની તૈયારીઓ કરી હતી. જેને પગલે ગાંધીનગર પોલીસ સવારથી જ એલર્ટ થઈ ગઈ હતી અને તમામ સર્કલો ઉપરાંત વિધાનસભા તથા સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ગોઠવાઈ ગઈ હતી.

બપોરના સુમારે પોલીસે વિધાનસભા સંકુલમાંથી જ ત્રણ પુતળા કબજે કરી લીધા હતા. ત્યાર બાદ કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી નીશીત વ્યાસ, ગાંધીનગર શહેર પ્રમુખ મુકેશ પટેલ, કોર્પોરેટર હર્ષજીત પંડ્યા, એન.એસ.યુ.આઈ પ્રદેશ મહામંત્રી અંકિત બારોટ સહીતના ૪૦ જેટલા આગેવાનો-કાર્યકરો ઘ-૩ સર્કલે આવી પહોંચ્યા હતા અને ભાજપ વિરુદ્ધ સુત્રોચ્ચાર કરીને દેખાવો કર્યા હતા. પોલીસે ૪૦ જેટલા કોંગી આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.


SANGHI CEMENT — Kisan — ashirvad — C. PVC, UPVC — BENELAVE BATH FITTINGS — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES Unbeatable! — CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com